બૂથ કેપ્ચરિંગના આક્ષેપ વચ્ચે ગાંધીનગર મનપા માટે 55 ટકા મતદાન

44 બેઠક પર 130 ઉમેદવારનું ભાવિ ઈવીએમમાં સીલ, 13મીએ મતગણતરી

ગાંધીનગર : ગાંધીનગર મહાનગરપાલિકાની 44 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં 130 ઉમેદવારોનું રાજકીય ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. 11 વોર્ડમાં યોજાયેલા મતદાનમાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં 54.01 ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે મતદાન પૂર્ણ થતાં એકંદરે 55 ટકાથી વધુ મતદાન થયાનું જાણવા મળ્યું છે. શરૂઆતમાં ધીમી રહેલી મતદાનની ગતિએ બપોર બાદ વેગ પકડ્યો હતો. જોકે, મતદાન દરમિયાન વિવિધ વિસ્તારોમાં રાજકીય કાર્યકરો વચ્ચે ઘર્ષણ અને બૂથ કેપ્ચરિંગના આક્ષેપોને પગલે ચૂંટણીમાં ગરમાવો જોવા મળ્યો હતો. હવે તમામની નજર 13 ઓક્ટોબરે યોજાનારી મતગણતરી પર છે, જે 44 બેઠકોનું ચિત્ર સ્પષ્ટ કરશે.

મતદાન પૂર્ણ થયા બાદ EVM સીલ કરીને સ્ટ્રોંગરૂમમાં સુરક્ષિત રાખવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતના ઉમેદવારો વચ્ચે જંગ જામ્યો હતો. 2021ની ચૂંટણીમાં ભાજપે 41 બેઠકો જીતીને મનપામાં એકતરફી વર્ચસ્વ સ્થાપ્યું હતું, જ્યારે કોંગ્રેસને બે અને આમ આદમી પાર્ટીને એક બેઠક મળી હતી. આ વખતે ત્રિપાંખિયા મુકાબલા વચ્ચે મતદારોનો ઝુકાવ કોના તરફ રહ્યો છે તે 13મીએ મતગણતરી બાદ જ સ્પષ્ટ થશે.

મતદાન દરમિયાન વાવોલ અને કુબેરનગર વિસ્તારમાં રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. વોર્ડ નંબર 7માં કુબેરનગરની એમ. બી. પટેલ સ્કૂલ બહાર ભાજપની છત્રીઓ મૂકવાના મુદ્દે માહોલ ગરમાયો હતો. ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો સામસામે આવી જતાં સ્થાનિક પોલીસ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. વોર્ડ નંબર 3ના સેક્ટર-24માં મતદારોને ક્રમાંક નંબર બતાવવાના મુદ્દે આમ આદમી પાર્ટી અને ભાજપના કાર્યકરો વચ્ચે માથાકૂટ થઈ હતી. જોકે, પોલીસે દરમિયાનગીરી કરીને મામલો થાળે પાડ્યો હતો. વોર્ડ નંબર 2માં આરાધના સ્કૂલ ખાતે ભાજપના કાર્યકરો દ્વારા બૂથ કેપ્ચરિંગ કરાયાનો કોંગ્રેસના ઉમેદવાર સૂર્યસિંહ ડાભીએ આક્ષેપ કર્યો હતો. ભાટ ગામમાં પણ બોગસ મતદાનના મુદ્દે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયાની ફરિયાદો સામે આવી હતી. જોકે, ગાંધીનગરના એસપી રવિતેજાએ ચૂંટણી દરમિયાન કેટલીક સામાન્ય ફરિયાદો મળી હોવાનું અને કોઈ ગંભીર ઘટના ન બની હોવાનું જણાવ્યું હતું. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એક હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરાયા હતા. મતદાનના આંકડા પર નજર કરીએ તો બપોરે એક વાગ્યા સુધીમાં સરેરાશ 31.90 ટકા મતદાન નોંધાયું હતું. આ સમયે પુરુષ મતદારોનું મતદાન 35.47 ટકા અને મહિલા મતદારોનું 28.19 ટકા હતું. સાંજે પાંચ વાગ્યા સુધીમાં મતદાનની ટકાવારી વધીને 54.01 ટકા થઈ હતી.

સુરત જિલ્લામાં 11 માત્ર 2 જ પ્રાથમિક શિક્ષણ અધિકારી

અન્ય તાલુકામાં ઇન્ચાર્જથી વહીવટ ચાલી રહ્યો છે

ગુજરાતી માધ્યમમાં 233 શિક્ષકોની ઘટ

સુરત : જિલ્લાના પ્રાથમિક શિક્ષણ વિભાગમાં વહીવટી અપૂરતી વ્યવસ્થા, અધિકારીઓની ખાલી જગ્યાઓ અને શિક્ષકોની ઘટને કારણે સરકારી શિક્ષણ વ્યવસ્થાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગમાં ક્લાર્કની કુલ 15 જગ્યાઓ મંજૂર હોવા છતાં હાલમાં માત્ર સાત ક્લાર્ક કાર્યરત છે. પરિણામે આઠ જગ્યાઓ ખાલી હોવાથી બાકી કર્મચારીઓ પર કામનું ભારણ વધી રહ્યું છે. હિસાબી અધિકારી પ્રદીપ મોરડિયા પણ છેલ્લા ચાર વર્ષથી ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવી રહ્યા છે. મહત્વની વહીવટી અને હિસાબી કામગીરી માટે પૂરતા કર્મચારીઓ ન હોવા છતાં તંત્ર દ્વારા કાયમી વ્યવસ્થા કરવામાં આવી નથી. બીજી તરફ, જિલ્લાના 11 તાલુકામાં માત્ર બે તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ (ટીપીઈઓ) નિયમિત છે, જ્યારે અન્ય જગ્યાઓ પર ઈન્ચાર્જ વ્યવસ્થાથી કામગીરી ચલાવવામાં આવી રહી હોવાનો મુદ્દો પણ સામે આવ્યો છે. અધિકારીઓની અછતને કારણે શાળાઓનું નિરીક્ષણ, શિક્ષકોની કામગીરીનું મૂલ્યાંકન અને શૈક્ષણિક ગુણવત્તા સુધારવાનાં કાર્યો સામે પડકાર ઊભા થઈ રહ્યા છે. જિલ્લામાં મંજૂર મહેકમની સરખામણીએ 233 ગુજરાતી માધ્યમના શિક્ષકોની ઘટ હોવાનો મુદ્દો પણ ચિંતાજનક છે. બીજી તરફ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વજેસિંહ વસાવાની ડેડિયાપાડા તાલુકામાં બદલી થતાં જિલ્લા કક્ષાની કામગીરી અંગે પણ પ્રશ્નો ઊભા થયા છે. શિક્ષણ વ્યવસ્થામાં સુધારા, શાળાઓની ગુણવત્તા અને બાળકોના ભવિષ્યની વાતો વચ્ચે જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગમાં જ મહેકમની ખાલી જગ્યાઓ ભરવા અને કાયમી અધિકારીઓની નિમણૂક કરવા માટે સરકાર ક્યારે નક્કર પગલાં લેશે, તેવો સવાલ ઊઠી રહ્યો છે.

પંજાબના મોસ્ટ વોન્ટેડ ત્રણ આરોપીઓ વાપીમાંથી ઝડપાયા

અમૃતસરમાં મધુ સુદાનસિંહ ઉર્ફે મેડ સંધુની હત્યાના કેસમાં ગુજરાત એટીએસ અને વલસાડ એસઓજીની સંયુક્ત કાર્યવાહી

ગાંધીનગર, વાપી : પંજાબના અમૃતસરમાં થયેલી હત્યાના કેસમાં સંડોવણીના આરોપસર ફરાર ત્રણ આરોપીઓને ગુજરાત એટીએસ અને વલસાડ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે (SOG) વાપીમાંથી ઝડપી લીધા છે. અમૃતસરના લોરાશકા રોડ પર કાર વોશિંગ સેન્ટર નજીક 3 ઓક્ટોબર, 2026ના રોજ મધુ સુદાનસિંહ ઉર્ફે મેડ સંધુની ગોળી મારી હત્યા કરવામાં આવી હતી. આ કેસના આરોપીઓ ગુજરાતના વાપીમાં છુપાયેલા હોવાની બાતમી મળતાં બંને એજન્સીઓએ સંકલન કરીને ઓપરેશન હાથ ધર્યું હતું. ત્રણેય આરોપીઓને ગુજરાત એટીએસની કસ્ટડીમાંથી આગળની કાર્યવાહી માટે પંજાબ પોલીસને સોંપવામાં આવ્યા છે.

ગુજરાત એટીએસને પંજાબ પોલીસના વરિષ્ઠ અધિકારીઓ તરફથી આ કેસના આરોપીઓ અંગે માહિતી મળી હતી.

ત્યારબાદ પોલીસ અધિક્ષક કે. સિદ્ધાર્થના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાય અને પોલીસ અધિકારી કૃપેશ પટેલે બાતમીના આધારે તપાસ આગળ ધપાવી હતી.

તપાસમાં ત્રણેય આરોપીઓ વાપીમાં હોવાની વિગતો સામે આવતાં તેમની પ્રોફાઇલ, લોકેશન અને સંબંધિત માહિતી વલસાડ એસઓજી સાથે શેર કરવામાં આવી હતી.

વલસાડ એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.ડી. પરમાર અને તેમની ટીમે ત્વરિત કાર્યવાહી કરીને વાપીમાંથી ત્રણેય શખ્સને ઝડપી લીધા હતા. ત્યારબાદ ગુજરાત એટીએસની ટીમ તેમને વધુ પૂછપરછ માટે ગુજરાત એટીએસ કચેરી ખાતે લઈ ગઈ હતી. પૂછપરછ દરમિયાન હત્યાના કેસમાં તેમની ભૂમિકા તથા અન્ય ગુનાઓ સાથેના સંભવિત સંબંધો અંગે વિગતો મેળવવામાં આવી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં હરસિમરનજીતસિંહ ઉર્ફે સિમુ સિંગા, ફતેહસિંહ અને અરમાનસિંહનો સમાવેશ થાય છે. ત્રણેય પંજાબના તરનતારન જિલ્લાના રહેવાસી હોવાની માહિતી બહાર આવી છે.

પંજાબ પોલીસને જાણ કર્યા બાદ 10 ઓક્ટોબરે પંજાબ પોલીસની ટીમે ગુજરાત એટીએસ પાસેથી ત્રણેય આરોપીઓનો કબજો મેળવી આગળની કાર્યવાહી માટે તેમને પંજાબ લઈ ગઈ હતી.

રસ્તા-પુલોની ગુણવત્તા અને સલામતી પર ફોકસ રખાશે

ગાંધીનગર : વિકસિત ગુજરાત @2047ના લક્ષ્યને સાકાર કરવા રાજ્યમાં રસ્તા, પુલો અને સરકારી ઈમારતોની ગુણવત્તા, સલામતી તથા જાળવણીને વધુ અસરકારક બનાવવા માર્ગ અને મકાન વિભાગે કવાયત હાથ ધરી છે. ગાંધીનગરના મહાત્મા મંદિરમાં 8 અને 9 ઓક્ટોબરે યોજાયેલી વિભાગની પ્રથમ વિભાગીય ચિંતન શિબિરમાં પાંચ મુખ્ય વિષયો પર વિસ્તૃત ચર્ચા બાદ મળેલાં સૂચનોના અમલ માટે એક્શન રોડમેપ તૈયાર કરવામાં આવશે. આ રોડમેપમાં કામગીરીનાં પગલાં, જવાબદારીઓ અને સમયમર્યાદા નક્કી કરીને અમલ પર સતત દેખરેખ રાખવામાં આવશે.

'ગતિ, ગુણવત્તા, ગૌરવઃ વિકસિત ગુજરાત @2047 માટે માળખાકીય સુવિધાઓને વેગ'ની થીમ હેઠળ યોજાયેલી આ શિબિરમાં માર્ગ પ્રોજેક્ટના ઝડપી અમલીકરણ, બાંધકામની ગુણવત્તા, માર્ગ સલામતી, પુલોની સુરક્ષા, સરકારી ઈમારતોની ટકાઉક્ષમતા અને ટેકનોલોજીના ઉપયોગ જેવા મુદ્દાઓ કેન્દ્રસ્થાને રહ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શિબિરનું ઉદ્ઘાટન કરીને માર્ગ અને મકાન વિભાગની કામગીરીને બિરદાવી હતી.

તેમણે રસ્તા, પુલો અને કનેક્ટિવિટી જેવી માળખાકીય સુવિધાઓ નાગરિકોના જીવન સાથે સીધી રીતે જોડાયેલી હોવાથી વિભાગની જવાબદારી મહત્ત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું.

દિવાળી-છઠ માટે પર ઉધના સ્ટેશને ક્રાઉડ મેનેજમેન્ટની તૈયારી શરૂ

કલેક્ટર, પોલીસ અને રેલવે અધિકારીઓની બેઠકમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા

સુરતઃ દિવાળી અને છઠ પૂજા પર ઘરે જનારા યાત્રીઓની દર વર્ષે થતી ભીડને જોતા ઉધના રેલવે સ્ટેશન પર ક્રાઉડ મેનેજમેન્ટની તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે. તહેવારો દરમિયાન ઉત્તર પ્રદેશ, બિહાર, ઓડિશા અને પશ્ચિમ બંગાળ તરફ જનારી સ્પેશિયલ ટ્રેનોના સંચાલન વચ્ચે સ્ટેશન પર યાત્રીઓની અવરજવર વધવાની શક્યતા છે. આવી સ્થિતિમાં પ્લેટફોર્મ પર ભીડ નિયંત્રિત કરવા, યાત્રીઓની સુરક્ષિત ચડ-ઉતરે અને એન્ટ્રી-એક્ઝિટ રસ્તાઓ પર વ્યવસ્થા જાળવી રાખવા માટે રેલવે પ્રશાસને જિલ્લા પ્રશાસન અને પોલીસ સાથે સંકલન શરૂ કર્યું છે.

જે અંતર્ગત રવિવારે ઉધના સ્ટેશન પર ઉચ્ચસ્તરીય સંકલન બેઠક યોજાઈ હતી. તેમાં સુરતના કલેક્ટર, ડીસીપી, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જીઆરપી-એસટીના ડીએસપી, સીટકોના સીઈઓ, સુરત સ્ટેશન ડિરેક્ટર, એઈએન, એડીએસટીઈ અને સંબંધિત વિભાગોના સુપરવાઈઝર સામેલ થયા હતા. બેઠકમાં તહેવારો દરમિયાન સંભવિત ભીડ અને તેને પહોંચી વળવા માટે વિવિધ વિભાગોની જવાબદારીઓ તથા પરસ્પર તાલમેલ પર ચર્ચા કરવામાં આવી હતી.

રેલવેએ યાત્રીઓને અપીલ કરી છે કે તેઓ ટ્રેન ઉપડવાના પૂરતા સમય પહેલા સ્ટેશન પહોંચે, વેલિડ ટિકિટ લઈને મુસાફરી કરે, કતારમાં રહે અને સુરક્ષા કર્મીઓના નિર્દેશો અને જાહેરાતોનું પાલન કરે. એન્ટ્રી અને એક્ઝિટ ના રસ્તાઓ પર ભીડ ન કરવા સલાહ આપવામાં આવી છે.

ઈલેક્ટ્રિક બોર્ડની સ્વિચ ચાલુ રહી જતાં શોર્ટ સર્કિટને કારણે મકાનમાં આગ ભભૂકી

સુરતઃ શહેરનાં લિંબાયત વિસ્તારનાં નિલગિરી સર્કલ પાસે આવેલા શંતોષી નગરનાં એક મકાનમાં આજે બપોરે આગ લાગી જતાં ભાગદોડ મચી જવા પામી હતી. ત્રીજા માળે લાગેલી આગનો કોલ મળતાની સાથે જ ભેસ્તાન અને ડુંભાલ ફાયરનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાપ્ત જાણકારી મુજબ, સંતોષી નગરમાં પ્લોટનં-50માં કનૈયા લાલ મિસ્રીનો પરિવાર રહે છે. ત્રીજા માળે આવેલા તેમનાં ઘરમાં આજે બપોરે આગ લાગી હતી. આગ લાગવાને કારણે ઘરમાં રહેતા તથા આજુબાજુનાં લોકો તુરંત દોડીને બાહર આવી ગયા હતા. બાદમાં ફાયર કંટ્રોલને તેની જાણ કરવામાં આવી હતી. સબ ફાયર ઓફિસર મનોજ શુક્લાએ જણાવ્યું હતું કે, તેમની ટીમ જ્યારે સ્થળ ઉપર પહોંચી ત્યારે આગ ધીરે ધીરે આખા મકાનમાં ફેલાઈ ગઈ હતી. બાદમાં પાણીનો મારો ચલાવીને ગણતરીની મિનિટોમાં આગને કાબૂમાં કરી લીધી હતી.

ST સોસાયટીથી વતન સુધી લઈ જશે

વેકેશન માટે એસટી સુરતથી 1600 એક્સ્ટ્રા બસ દોડાવશે

સૌરાષ્ટ્ર માટે ધારુકા કોલેજ વરાછા મેદાનથી, પંચમહાલ માટે સેન્ટ્રલ સામે સિટી સ્ટેન્ડ અને રામનગરથી બસો

સુરતઃ દિવાળીના તહેવારમાં સુરતમાં વસતા સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના રત્નકલાકારો અને દાહોદ-પંચમહાલના શ્રમજીવીઓ પોતાના વતનમાં પરિવાર સાથે તહેવાર ઉજવી શકે તે માટે GSRTC સુરત વિભાગે મેગા પ્લાન જાહેર કર્યો છે. એસટી દ્વારા સુરતથી તા. 04/11/2026 થી તા. 07/11/2026 દરમિયાન 1600 એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. રાજ્યના વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે સુરત એસટી વિભાગ દ્વારા ગયા વર્ષે દિવાળીમાં 1249 એક્સ્ટ્રા બસો અને આપના દ્વારે કાર્યક્રમ હેઠળ 450 બસો મળી કુલ 1700 બસો દોડાવવામાં આવી હતી. આ વર્ષે તેના કરતા વધુ 1600 બસનું પ્લાનિંગ છે અને મુસાફરોની માંગને ધ્યાને લઈ જરૂર પડ્યે આ સંખ્યા વધારીને 2500 બસ સુધી કરવાની તૈયારી પણ છે.

સુરતથી બસનું ભાડું

શહેર	ભાડું
અમદાવાદ	320
રાજકોટ	435
ભાવનગર	395
અમરેલી	455
સાવરકુંડલા	480
મહુવા	460
ગારીયાધાર	440
જૂનાગઢ	500
જામનગર	505
ઉના	540
પાલનપુર	410
દાહોદ	350
ઝાલોદ	370
કવાંટ	300
છોટાઉદેપુર	310
લુણાવાડા	325
ગોધરા	305

બુકિંગ ક્યાંથી થશે?

મુસાફરો માટે એડવાન્સ બુકિંગ અને ગ્રુપ બુકિંગ બંનેની સુવિધા શરૂ કરાઈ છે. આખી બસનું ગ્રુપ બુકિંગ કરાવનારને "ST આપના દ્વારે" યોજના હેઠળ તેમની સોસાયટી કે ઘરેથી સીધા તેમના વતન સુધી પહોંચાડવામાં આવશે. ગ્રુપ બુકિંગ માટે તા. 4 થી 7 નવેમ્બરની બસોનું બુકિંગ ST સેન્ટ્રલ બસ સ્ટેશન સુરત અને અડાજણ બસ પોર્ટ ખાતે આવેલ સુરત સિટી ડેપો ખાતે થશે.જ્યારે એડવાન્સ વ્યક્તિગત ટિકિટ બુકિંગ ST સેન્ટ્રલ બસ સ્ટેશન, અડાજણ બસ સ્ટેશન, ઉધના બસ સ્ટેશન, કામરેજ બસ સ્ટેન્ડ, કડોદરા બસ સ્ટેશન ઉપરાંત નિગમના તમામ બસ સ્ટેશનો, નિમણૂક કરાયેલા બુકિંગ એજન્ટો, મોબાઈલ એપ અને નિગમની સત્તાવાર વેબસાઈટ gsrtc.in પરથી ઓનલાઈન કરી શકાશે. મંત્રી હર્ષ સંઘવીએ નાગરિકોને અપીલ કરી છે કે તેઓ એડવાન્સમાં ટિકિટ બુક કરાવે જેથી એસટી જરૂરિયાત મુજબ જે તે રૂટ પર વધારાની બસો દોડાવવાનું આયોજન કરી શકે.

અનુસંધાન... પાના છેલ્લાનું

તહેવારોની સિઝનમાં...

શાકભાજીનું ઉત્પાદન ખૂબ ઓછું રહ્યું છે. શિયાળાની સિઝન શરૂ થવા જઈ રહી છે છતાં ગરમીનું પ્રમાણ વધુ અનુભવાઈ રહ્યું છે.એને લીધે પણ શાકભાજીનું ઉત્પાદન ઘટ્યું છે.

ગુજરાત ,મહારાષ્ટ્રમાં...

હતો. સુરતની રિટેલ શાકભાજી માર્કેટમાં કિલો લીંબુનો ભાવ ક્વોલિટી મુજબ 150 થી 200 રૂપિયા કિલો રહ્યો હતો.સુરતમાં લીંબુનો મોટો જથ્થો મહારાષ્ટ્ર થી આવે છે.પણ ત્યાં લીંબુના વૃક્ષોને પૂરતા પ્રમાણમાં પાણી ન મળવાને લીધે લીંબુનો પાક ઓછો તો ઉતર્યો છે.પણ ગુણવત્તા પણ ખૂબ નબળી છે.હાલ તેહવારોને લીધે ડિમાન્ડ વધુ અને સપ્લાય ઓછી હોવાથી મહારાષ્ટ્રના ખેડૂતો કાચો માલ તોડી લીંબુ બજારમાં મોકલી રહ્યાં છે. એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે વધુમાં જણાવ્યું હતું કે," મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં હાલ વધારો થવા સાથે લીંબુની માંગમાં પણ વધારો નોંધાયો છે.હાલ મહારાષ્ટ્રના જલગાંવ,ચાલીસ ગાવ, ઉત્તરાણા, પાચોરા, બાલગુડેથી લીંબુની આવક થઈ રહી છે.અગાઉગુજરાતના કડી,કલોલ, મેહસાણા,નરસંડા,પાદરા,નડિયાદ અને ભાવનગરથી લીંબુ સુરતની માર્કેટમાં આવતા હતા પણ એ માલ હવે સદંતર આવતો બંધ થયો છે.ચેન્નાઈ,હૈદરાબાદ વિજાપુર (કર્ણાટક) થી સુરતમાં થતી લીંબુની આવક પણ બંધ થઈ છે.હવે એ માલ સ્થાનિક બજારમાં જ વેચાઈ જાય છે.વધુ વપરાશ સામે લીંબુનો માલ ઓછો આવી રહ્યો હોવાથી તેહવારોની આ સિઝનમાં લીંબુના ભાવો ઘટવાની શક્યતા ઓછી જણાઇ રહી છે.

નવરાત્રિના પ્રથમ...

જાળવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. નવરાત્રિના પ્રથમ દિવસે અનેક શ્રદ્ધાળુઓએ પરિવાર સાથે માતાજીનાં દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી અને શક્તિ આરાધનાનાં પર્વનો પ્રારંભ કર્યો હતો. મંદિરોમાં માતાજીના જયઘોષ, ભક્તોની અવરજવર અને ધાર્મિક માહોલથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. પ્રથમ દિવસે જ જોવા મળેલી ભીડે નવરાત્રિ પ્રત્યે સુરતવાસીઓની અતૂટ શ્રદ્ધા અને આસ્થાનો પરિચય કરાવ્યો હતો. આગામી દિવસોમાં પણ મંદિરોમાં ભક્તોની અવરજવર વધવાની શક્યતા વચ્ચે સુરક્ષા, દર્શન વ્યવસ્થા અને શ્રદ્ધાળુઓની સુવિધા જાળવવી મહત્ત્વપૂર્ણ રહેશે.

બાઈક, ફ્રિજની...

સાસુ માલતીબેન, સસરા લક્ષ્મીકાંત અને નણંદ સોનમે 'તું કાળી છે, તને રંગરૂપ નથી, તું ગામડાની છોકરી જેવી છે' કહી મ્હેણા-ટોણા મારવાનું શરૂ કર્યું હતું. તેઓ દહેજમાં મોટરસાઈકલ અને ફ્રિજ ન લાવ્યા હોવાનું કહી અવારનવાર શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. ગર્ભાવસ્થા દરમિયાન પણ પતિ શિવમે આરતીબેન પર શંકા રાખી ગત ૨૪ મેના રોજ ઝઘડો કરી ઘરની બહાર કાઢી મૂક્યા હતા. તે વખતે ભાઈ વિનાયક વચ્ચે પડતા તેની સાથે પણ મારામારી કરવામાં આવી હતી. આ આઘાત અને ત્રાસના કારણે આરતીબેનને પેટમાં દુખાવો ઉપડતા ગોડાદરાની હોસ્પિટલમાં ખસેડાયા હતા, જ્યાં સોનોગ્રાફીમાં ગર્ભાશયમાં તકલીફ થતાં દોઢ મહિનાનો ગર્ભ પડી ગયો હોવાનું ડૉક્ટરે જણાવ્યું હતું. પીડિતાએ ડિંડોલી પોલીસ મથકે પતિ શિવમ, સાસુ માલતી, સસરા લક્ષ્મીકાંત અને નણંદ સોનમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડૉ. હર્ષ પંડ્યા...

લાજપોર જેલમાં મોકલી આપવાનો નિર્ણય લીધો હતો. તપાસમાં બંને ભાવનગર રાજકોટમાં પરિવારના સભ્યોને ત્યાં એક બે દિવસ રોકાઈ પોલીસથી બચતી ફરતી હોવાનું બહાર આવ્યું છે.

બીજી તરફ, આ કેસના અન્ય બે આરોપી ડૉ. અનુજ બંસતભાઈ મહેશ્વરી અને ડૉ. નિરાલી પરેશભાઈ વસાવે હજી ફરાર છે. તેમને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી શોધખોળ હાથ ધરવામાં આવી છે. સમગ્ર પ્રકરણમાં ખટોદરા પોલીસ વધુ તપાસ કરી રહી છે.

વાહનોનું બુકિંગ શરૂ, દશેરા-ધનતેરસે ડિલિવરીનો ધમધમાટ રહેશે

સુરતમાં તહેવારોના શુભ મુહૂર્તે નવી કાર, સ્કૂટર અને બાઇક ખરીદવા ગ્રાહકોમાં ઉત્સાહ, દિવાળી સુધી વાહન બજારને તેજીની આશા

નવા મોડલ અને આકર્ષક ફાઇનાન્સ યોજનાઓ પર નજર

સુરત : નવરાત્રી પર્વના પ્રારંભ સાથે સુરતમાં વાહન બજારમાં તહેવારોની ખરીદીનો માહોલ જામવા લાગ્યો છે. શુભ મુહૂર્તમાં નવી કાર, સ્કૂટર, મોપેડ અને બાઇકનું બુકિંગ કરાવ્યા બાદ દશેરા, ધનતેરસ, દિવાળી સહિતના શુભ દિવસોએ વાહનોની ડિલિવરી લેવાનું આયોજન ગ્રાહકો કરી રહ્યા છે. વાહન ડીલરો માટે નવરાત્રીથી દિવાળી સુધીનો સમયગાળો વેચાણની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાય છે. જોકે, સુરતમાં આ વર્ષે કેટલાં વાહનોનું બુકિંગ થયું છે અને ગયા વર્ષની સરખામણીએ વેચાણમાં કેટલો વધારો થયો છે તેના સત્તાવાર સ્થાનિક આંકડા ઉપલબ્ધ થયા નથી.

જાન્યુઆરીથી ઑક્ટોબર 2026 દરમિયાન વાહનોનું સારું વેચાણ

કંપની	વાહનની નોંધણી એ	ટકાવારી
હોન્ડા	64,152 વાહનો	43.63%
સુઝુકી	21,145 વાહનો	14.38%
TVS	20,473 વાહનો	13.92%
હીરો મોટો કોર્પ	20,210 વાહનો	13.74%
બજાજ	8536 વાહનો	5.8%

શુભ દિવસોએ ડિલિવરી માટે ગ્રાહકોનું આયોજન

» દશેરાના દિવસે ડિલિવરીઃ નવાં વાહનની ખરીદી માટે પરંપરાગત રીતે શુભ દિવસ ગણાતો હોવાથી ગ્રાહકો બુકિંગ પછી ડિલિવરી લેવાનું પસંદ કરે છે.

» ધનતેરસના મુર્હુતએ ડિલ્વરીઃ વાહન સહિતની નવી ચીજવસ્તુઓની ખરીદી માટે મહત્ત્વપૂર્ણ દિવસ. શોરૂમમાં ડિલિવરીનું આયોજન અગાઉથી કરાવવું જરૂરી બની શકે છે.

» દિવાળીના દિવસે ડિલિવરીઃ તહેવારો અને લગ્નસરાની ખરીદી સાથે વાહન બજારમાં માંગ જળવાઈ રહેવાની આશા.

» અક્ષય તૃતીયાઃ વર્ષ દરમિયાન વાહન ખરીદી માટે શુભ માનવામાં આવતો દિવસ, પરંતુ તે નવરાત્રીથી દિવાળી સુધીના વર્તમાન સમયગાળાથી અલગ છે.એવી જ રીતે લાભ પાંચમે પણ નવા વાહનોની ડિલિવરી લેવાની પ્રથા છે.

અનુસંધાન... પાના પહેલાનું

જો રશિયા ૬૦...

ખાતે પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું હતું, "મને લાગે છે કે યુક્રેનને હવે નવા પ્રમુખ મળવાનો સમય આવી ગયો છે." તેના જવાબમાં ઝેલેન્સ્કીએ કહ્યું કે પોતાના નેતા કોને ચૂંટવા તે "યુક્રેનના લોકોના હાથમાં છે" અને તેમણે નોંધ્યું કે પુતિન પણ યુક્રેનનું નેતૃત્વ બદલવા માંગે છે. તેમણે ઉમેર્યું કે બળતણના વધતા ભાવ માટે યુક્રેન પર દોષનો ટોપલો ઢોળવો આસાન છે, "જ્યારે સમગ્ર વિશ્વ જાણે છે કે મધ્ય પૂર્વમાં યુદ્ધના કારણે ભાવ વધી રહ્યા છે." અગાઉ રવિવારે, ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે જો મોસ્કો (રશિયા) યુક્રેનના ઉર્જા માળખા પર પોતાના હુમલા બંધ કરે, તો યુક્રેન પણ રશિયન તેલ રિફાઇનરીઓ પરના હુમલા રોકવા માટે તૈયાર છે.

આંદોલન ઉગ્ર...

હતું. અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું કે મતદાર યાદીઓના વિશેષ ગહન સુધારણા (SIR)માં કથિત અનિયમિતતાઓ અંગે CEC વિરુદ્ધ શનિવારે CJP ના વિરોધ પ્રદર્શનના સંબંધમાં દિલ્હી પોલીસે ૨૦ એફઆઈઆર નોંધાવી છે. FIRમાં પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવા અને સરકારી કર્મચારીઓને તેમની ફરજ બજાવતા રોકવા સંબંધિત ગુનાઓનો સમાવેશ થાય છે. રવિવારે, ભારે સુરક્ષા ખડકલા વચ્ચે CJP દ્વારા આપવામાં આવેલા વિરોધ પ્રદર્શનના બીજા દિવસે આશરે ૨૦૦ વિદ્યાર્થીઓ અને પ્રદર્શનકારીઓ સૂત્રોચ્ચાર કરતા જંતર-મંતર તરફ આગળ વધતા તેમની અટકાયત કરવામાં આવી હતી, જેમાં ઘણા લોકોને બળજબરીપૂર્વક પોલીસ બસોમાં ખેંચી જતા જોવા મળ્યા હતા. સ્ટુડન્ટ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SFI), ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA) અને ક્રાંતિકારી યુવા સંગઠન (KYS) સહિતના કેટલાક વિદ્યાર્થી સંગઠનોના સભ્યો, CJP સમર્થકો સાથે અટકાયતમાં લેવાયા હતા. સીપીઆઈ (એમ) ના રાજ્યસભા સાંસદ જોન બ્રિટાન્સ અને AISA પ્રમુખ નેહા બોરા પણ અટકાયતમાં લેવાયેલા લોકોમાં સામેલ હતા.

જમ્મુમાં ઓક્ટોબરનો...

દીધા, વાહનોને નુકસાન પહોંચાડ્યું અને અનેક સ્થળોએ ભૂસ્ખલન સર્જ્યું. આ અવિરત વરસાદને કારણે મહત્તમ તાપમાન ઘટીને ૨૩.૩ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું, જે સામાન્ય કરતાં નવ ડિગ્રી ઓછું છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે જમ્મુના રાયપુર ડોમાના વિસ્તારમાં એક ૨૭ વર્ષીય મહિલા ગુમ થઈ ગઈ છે, જે કથિત રીતે તેના પતિને બચાવવા જતાં અચાનક આવેલા પૂરમાં તણાઈ ગઈ હતી. તેના પતિ પાર્ક કરેલી કારને ખસેડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તે વ્યક્તિએ કોઈ વસ્તુ પકડીને પોતાનો બચાવ કર્યો હતો, પરંતુ સ્થાનિક લોકો, પોલીસ અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમો દ્વારા સઘન શોધખોળ કરવા છતાં તેની પત્નીનો પત્તો લાગ્યો ન હતો, એમ તેમણે જણાવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે રવિવારે સાંજે ડોમાના વિસ્તારમાંથી વધુ એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે, જે આશંકા છે કે પૂરગ્રસ્ત પ્રવાહમાં ડૂબી ગયો હતો. તેની ઓળખ અને મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકા નથી. ભારે વરસાદને કારણે જમ્મુભરના રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેનાથી વાહનવ્યવહાર ખોરવાયો હતો અને અનેક વિસ્તારોમાં ઘરો તથા દુકાનોમાં પાણી ઘૂસી ગયા હતા.

ટ્રમ્પના રશિયા...

કરીશું." તેમણે ઉમેર્યું, "આનું નામ 'રોનલ્ડ રીગન પીસ થ્રુ સ્ટ્રેન્થ એક્ટ' રાખવામાં આવશે. તેને ડિસ્ચાર્જ પ્રક્રિયા દ્વારા ફ્લોર પર લાવવાની ફરજ પાડવામાં આવશે અને તે ભારે બહુમતીથી પસાર થશે." બેકને એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "હું પહેલેથી જ મૂળ સહ-પ્રાયોજક બનવા માટે સંમત થયો છું. કોંગ્રેસે મક્કમ વલણ અપનાવવું જ પડશે." બેકન 3 નવેમ્બરે યોજાનારી મિડટર્મ ચૂંટણીમાં પુનઃ-ચૂંટણી લડી રહ્યા નથી. ઉલ્લેખનીય છે કે શુક્રવારે પુતિન સાથે ફોન પર વાતચીત કર્યા પછી, ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેમણે અમેરિકા અને વૈશ્વિક બજારને તાત્કાલિક 300,000 ટન ડીઝલ પૂરું પાડવા માટે રશિયા સાથે સોદો કર્યો છે. આ કરારે અમેરિકાના નેતાઓને ચોંકાવી દીધા હતા, જેમણે ગયા મહિને જ 'સેન્ક્શનીંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ' ભારે બહુમતીથી પસાર કર્યો હતો. આ કાયદો ટ્રમ્પને રશિયા પર કડક પ્રતિબંધો લાદવાની અને તેના તેલ અને ગેસના ટોચના પાંચ વેપારી ભાગીદારો(ભારત અને ચીન સહિત) પર 100 ટકા ટેરિફ લાદવાની સત્તા આપે છે.

શાંતિપૂર્ણ દેખાવકારોની...

મૂકવાના કોર્ટના આદેશનો કથિત અનાદર કરવા બદલ દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. બેંચે અવલોકન કર્યું, "ઇન્ટરનેટ સુવિધાઓ કાયદા અનુસાર અવિરત રહેવી જોઈએ. જ્યારે અમે કહીએ છીએ કે ઇન્ટરનેટ સુવિધાઓ અવિરત રહેશે, ત્યારે અમે માહિતી ટેકનોલોજી કાયદા (IT એક્ટ) હેઠળની સત્તાઓ છીનવી રહ્યા નથી. બેંચે વધુમાં જણાવ્યું, "કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયા સિવાય, ખાસ કરીને તે વિસ્તાર કે જ્યાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS) ની કલમ ૧૬૩ લાદવામાં આવી છે તેનાથી બહારના વિસ્તારમાં એકઠા થયેલા લોકોની ગેરકાયદેસર અટકાયત કરવામાં આવશે નહીં. કારવાઈ દરમિયાન, રાષ્ટ્રીય જનતા દળ (RJD) ના સાંસદ મનોજ ઝા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કોર્ટને જણાવ્યું હતું કે પોલીસ ટ્રેનોમાંથી અને જંતર-મંતર (જ્યાં પ્રતિબંધાત્મક આદેશો લાગુ છે) ના ૪ કિલોમીટરના ત્રિજ્યા વિસ્તારની બહારથી લોકોની અટકાયત કરી રહી છે. તેમણે કોર્ટને જણાવ્યું કે ૯ ઓક્ટોબરના આદેશ છતાં, મુસાફરોના પ્રવેશ અને બહાર નીકળવા માટે ૪૫ મેટ્રો સ્ટેશનો બંધ રાખવામાં આવ્યા હતા. જ્યારે સોલિસિટર જનરલ મહેતાએ રજૂઆત કરી હતી કે ૧૦ ઓક્ટોબરે કુલ 303 સ્ટેશનોમાંથી માત્ર ૪૫ સ્ટેશનો પર પ્રવેશ અને નિકાસ પ્રતિબંધિતહતા, જે સમગ્ર મેટ્રો નેટવર્કના માત્ર ૧૫ ટકા જેટલા થાય છે. તેમણે ઉમેર્યું કે અટકાયતીઓને મુક્ત કરવાની માંગ કરતી અરજીઓ હવે ટકતી નથી કારણ કે મોટાભાગના અટકાયત કરાયેલા લોકોને મુક્ત કરી દેવામાં આવ્યા છે. રવિવારે સુનાવણી શરૂ થતાં જ, સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે આ મામલે કોર્ટના નિર્દેશોના કથિત સ્પષ્ટ ઉલ્લંઘન બદલ અવમાનનાની કાર્યવાહીની માંગ કરતી અરજી પર વિચાર કરતી વખતે તે તમામ વકીલોને સુનાવણીની તક આપશે.

CJP નેતાઓ...

પોલીસ દ્વારા ગેરકાયદેસર નિવારક અટકાયતમાં રાખ્યાના લગભગ ૨૪ કલાક બાદ દિલ્હી એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કોર્ટે કોકરોચ જનતા પાર્ટી (CJP) ના નેતાઓ અભિજીત દીપ્કે, સૌરવ દાસ અને આશુતોષ રાંકાને મુક્ત કર્યા છે.'' નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે, ''મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે મતદાર યાદીમાં કથિત અનિયમિતતાઓને લઈને જવાબદારી અને રાજીનામાની માંગ કરતા વિરોધ પ્રદર્શનોની આસપાસ રાજધાનીમાં સઘન સુરક્ષા વચ્ચે આ મનસ્વી અટકાયતોથી તીવ્ર ટીકા અને કાનૂની પડકારો ઊભા થયા હતા.'' CJP એ X પર પોસ્ટ કર્યું:''આખરે દિલ્હી પોલીસ અભિજીત દીપ્કે, આશુતોષ રાંકા અને સૌરવ દાસને મુક્ત કરવા મજબૂર થઈ છે. કોકરોચ ક્યારેય મરતા નથી.'' અગાઉ X પરની એક પોસ્ટમાં, દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે નિવારક અટકાયતો તમામ કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરીને કરવામાં આવી હતી અને રવિવારે તેમને એસઈએમ કોર્ટ, દિલ્હી કેન્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. પોલીસે જણાવ્યું, ''શાંતિ અને સારી વર્તણૂક જાળવી રાખવા માટે ૫૦,૦૦ રૂપિયાના બોન્ડ સાથે જામીન બોન્ડ દાખલ કરવામાં આવ્યો હતો.

RAJHANS
ગોપીતળાવ
નવસારી બજાર, સુરત
સુપરડુપર હીટ
બમ્પર ફિલ્મ
દ્રશ્યમ- 3
અજય દેવગન, તબ્બુ, જયદીપ
૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦,
૩.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૭.૦૦,
રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ક્રાઈમ, સસ્પેન્સ, રહસ્ય...
દ્રશ્યમ - 3

અજય દેવગન, તબ્બૂ, શ્રિયા સરન
૧૨.૨૦, 3.30, ૬.30, રાત્રે ૯.30
રહસ્ય, રોમાંન્ચક, હોરર
ધ વ્વાન

સિદ્ધાર્થ મલ્હોત્રા, તમન્ના ભાટીયા
૧૨.૨૦, 3.30, ૬.30, રાત્રે ૯.30
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
★ મસાજર બેડ
★ કપલ બેડ
★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm
@applecinemasurat
સુપરહીટ ફિલ્મ

દ્રશ્યમ- 3
ધ વ્વાન
(હિન્દી)
ગુજરાતી ફેમિલી ફિલ્મ

મિત્રતા
પ્રેમ કિતાનુ
(હિન્દી)
સુપરહીટ ફિલ્મ (હિન્દી)

હનુમાન અંશ
અભયમ
(ગુજરાતી)
ચટણી
(ગુજરાતી)
DORAEMON THE MOVE: CASTLE OF THE UNDER SEA DEVIL
(હિન્દી)